# હિસાબ નિયામકશ્રીની કચેરી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**યુનિવર્સિટીની વિવિધ ખરીદીઓ માટે કરવાના થતા ચૂકવણા RTGS તેમજ DBT પદ્ધતિ થી કરવા કરાવવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી હેઠળ કાર્યરત કચેરીઓ ખાતે કરવામાં આવતી વિવિધ ખરીદીઓ અને યુનિવર્સિટી આવકોના નાણાંકીય વ્યવહારો માટે જુદા જુદા પ્રકારના બેંક ખાતાઓ ખોલવામાં આવેલ છે. દરેક કચેરીઓ માં આ બેંક ખાતાઓનું રોજમેળ સાથે દર માસે મેળવણું **(Bank Reconciliation)** કરી આ અંગેના આધારો અત્રેની કચેરીને **URP** સોફ્ટવેર દ્વારા ઓનલાઈન માધ્યમ થી જમા કરાવવામાં આવે છે. જેની ફેર ચકાસણી કરતા ધ્યાને આવેલ છે કે, ઘણી બેંકો માં **Unclear** ચેકો ની રકમ ઘણા સમયથી ખેચાતી આવે છે તેમજ પાર્ટી દ્વારા બેંકમાં ચેક જમા ન કરાવવાના અને ચેકો ખોવાઈ જવાના કિસ્સાઓ પણ ધ્યાને આવેલ છે. જેના કારણે નવા ચેકો ઇસ્યુ કરવા તેમજ અન્ય બીજી ઘણી સમસ્યાઓ ઉપસ્થિત થયેલ જેવા મળેલ છે. જેથી આ સમસ્યાના નિરાકરણ માટે **ચાલુ માસ (માર્ચ–૨૦૨૫)** થી તમામ પ્રકારના પાર્ટી પેમેન્ટ ફરજીયાત **RTGS** તેમજ **DBT** પદ્ધતિ થી કરવા અર્થે સર્વેને જાણ કરવામાં આવે છે. **આ અંગેની અમલવારી ફરજીયાત કરવાની રહેશે.**

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/૧૦૦૭/૨૦૨૫**
**નવસારી, તા. ૦૧/૦૩/૨૦૨૫**

(signature)
**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.